Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડકટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૧૩ ● સળંગ અંક : ૧૦૫૧ ● પ્રકાશિત તા-૧-૨-૨૦૨૫,શનિવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

**દરરોજ ૧ કરોડથી વધુ યાત્રિકોની મુસાફરી**

# મહાકુંભ માટે રેલવેએ રૂ.૫ હજાર કરોડથી વધુનો ખર્ચ કર્યો

અમદાવાદ : પ્રયાગરાજ ખાતે યોજાઈ રહેલા મહાકુંભને પગલે દેશના મોટા ભાગના રેલવે સ્ટેશનમાં યાત્રીકોનો ભારે ઘસારો જોવા મળી રહયો છે. ભારતીય રેલવેએ મહાકુંભ માટે બે વર્ષમાં રૂપિયા ૫૦૦૦ કરોડથી વધુનો ખર્ચ કરીને રેલવે સ્ટેશનોને આરામ-સગવડ આધ્યાત્મિકતાના વાઈબ્રન્ટ હબમાં પરીવર્તીત કરવાની મહત્વની ભુમીકા ભજવી છે. મહાકુંભને પગલે હાલ દરરોજ ૧ કરોડ લોકો રેલવેમાં મુસાફરી કરી રહયા છે. સ્ટેશનો જે એક સમયે સંપૂર્ણ કાર્યરત જગ્યાઓ હતા તે હવે યાત્રાળુઓ માટે સ્વાગત પ્રવેશ દ્વારમાં પરીવર્તીત થયા છે. સ્લીપીગ પોડસ એક્ઝિયુટીવ લાઉન્જ રીટાયરીગ રૂમ મુસાફરોને આરામ માટે શાંતીપુર્ણ સ્થળ પુરરુ પાડે છે. કલરર કોડેડ વેઈટીગ લાઉન્જ રંગીન ટીકીટ જેવી વિશીષ્ટતાઓ નેવીગેશનને સરળ બનાવે છે રેલવે બોર્ડના સભ્ય રવીન્દ્ર ગોયલે જણાવ્યું હતું કે, ભારતીય રેલવે યાત્રી આશ્રય તરીકે ઓળખાતા ૧૭ નવા કાયમી આશ્રયસ્થાનોનું નિર્માણ કર્યું છે. મહાકુંભ માટે યાત્રી સુવિધા કેન્દ્રની રજુઆત વ્હીલચેર સેવાઓ સાથે સહાયક મથકો અને લગેજ ટ્રોલીઓ યાત્રાળુની વિવિધ જરૂરીયાત પુરી પાડે છે.

AC 2X2 ડીલક્ષ બસ દ્વારા
4X4 વોલ્વો ટાઈપ ● દિવસ-૪
તા 6,9,11,14,17,19,21,23,25 Feb.
M : 9825315985, 7203035958, 9978315985
ફક્ત
6500/- બસ ભાડું
નવા વાડજ, અમદાવાદથી
વિજય અમીન
અંબિકા ટ્રાવેલ્સ
કુંભસ્નાન
પ્રયાગરાજ
૪૦૩, ચોથો માળ, ડ્રીમ સ્કેવર, રામાપીરના મંદિરની સામે, નિર્ણયનગર અંડરબ્રીજ પાસે, અખબારનગર, અમદાવાદ.




જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

# આરટીઓથી અખબારનગર સર્કલ સુધીનો ૧૩૨ ફુટ રોડની રોનક બદલાઈ

(માનવ જોષી દ્વારા) અમદાવાદ : કોઈપણ શહેરના રોડ રસ્તા એ શહેરના શરીરની ધમની સમાન હોય છે, જો આ ધમનીઓ સ્વચ્છ, સ્પેસવાળી અને અડચણ વિહીન હોય તો શરીરના રક્તની માફક વાહન વ્યવહાર પણ ખૂબ સરળતા અનુભવે છે. અને જો આ ધમની સમાન રસ્તાને સાથે સુશોભન મળે તો તે વિસ્તારની કાયા બદલાઈ જાય છે..

આવા જ એક સર્વોત્તમ વિકાસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે RTO થી વ્યાસવાડી રોડ થઈને અખબારનગર સર્કલ સુધીનો. તાજેતરમાં અમદાવાદ મ્યુ કોર્પોરેશન દ્વારા આ રોડ આધુનિક પદ્ધિતિથી ડેવલપ કરાયા છે, આ ઉપરાંત રોડ મધ્યમાં ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટ પોલ ઊભા કરવામાં આવ્યા છે. દેખાવમાં આ પોલ એન્ટિક ડેકોરેટીવ તો છે જ પણ સાથે સાથે રાત્રીના સમયે જયારે તેમાં લાઈટ ચાલુ હોય ત્યારે આખો માર્ગ પોતાની સુંદરતામાં ચાર ચાંદ લગાડી દે છે.. વિકાસની સાથે આરામદાયક સફર માટે રોડને યોગ્ય રીતે રીસરફેસ કરવામાં આવ્યો છે. તદઉપરાંત રોડને યોગ્ય સ્લોપ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત રોડ અને ફુટપાથ વચ્ચે પહેલી વાર કર્વ નખાયા છે, જેને કારણે કચરો ઓછો જમા થાય છે, સફાઈ સારી રીતે થઈ શકે છે, આ કર્વના કારણે આગામી ચોમાસમાં પાણીની સાથે રોડ પરનો કચરો પણ કેચપીટ વાટે ગટરમાં જતો રહે એવો મ્યુ કોર્પોરેશનનો દાવો છે, જેને કારણે ૧૩૨ ફુટ રીંગ રોડ આપોઆપ સ્વચ્છતા પણ જળવાય.

૧૩૨ ફુટ રીંગ રોડ પર સ્વચ્છતાની વાત કરીએ તો અગાઉના સમય કરતા હાલ પરિસ્થિતિ ઘણે અંશે સુધારો આવ્યો છે.મ્યુ કોર્પોરેશનની ગાડીઓ નિયમિત કચરો લઈ જાય છે, તો બીજી તરફ કોર્પોરેશન નિયમ ન જાળવતો લોકોને દંડ પણ કરતી જાય છે, જેને કારણે રોડ પરના કોમ્પલેક્ષમાં આવેલ વેપારીઓમાં મહ્દ અંશે જાગૃતિ આવી છે, જેના કારણે રોડ પર પરિસ્થિતિ પહેલા કરતા ઘણી સુધરી હોય છે એવું જણાઈ રહ્યું છે.

કોર્પોરેશનને હંમેશા વખોડવામાં આપણે વ્યસ્ત રહીએ છીએ ત્યારે કયારેક નજર ઊંચી કરી વ્યાસવાડી રોડ પર નજર ફેરવવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટેની આપણી માન્યતા બદલાઈ શકે છે.. અને નજરને એક સુંદર નજારો પણ આપણે ભેટ સ્વરૂપ આપી શકીએ છીએ.

## સાબરમતી મ્યુનિસિપલ શાળાના વિદ્યાર્થીઓએ એક હજાર કિ. ગ્રા. દોરી એકત્રિત કરી જીવદયાનું કાર્ય કર્યું




અમદાવાદ : મ્યુનિ. સ્કૂલ બોર્ડની સાબરમતી વિધાનસભામાં સમાવિષ્ટ મ્યુનિ.શાળાના બાળકો, શિક્ષકો અને અધિકારીઓ દ્વારા ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ ઉત્તરાયણ પર્વ દરમ્યાન ચાઈનીસ દોરી, કાંચ વાળી દોરી કે જે પશુપક્ષી તેમજ માણસોના પણ જીવ લઇ શકે તેવી અંદાજીત ૧૦૦૦ કિગ્રા દોરી એકઠી કરવાનું ભગીરથ કાર્ય ભારે જહેમત ઉઠાવીને કર્યું હતું. એકઠી થયેલી દોરી TRUST PAPA સંસ્થાના સિદ્ધાર્થભાઈ અને સીમોલીબેનને આપવામાં આવી. દોરીમાંથી TRUST PAPA સંસ્થા દ્વારા ગ્રીન એનર્જી બનાવવામાં આવશે.

સાબરમતીના ધારાસભ્ય ડૉ.હર્ષદભાઇ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે બાળકોએ દોરી એકઠી કરીને 'આપણું શહેર સ્વચ્છ શહેરના સૂત્ર'ને સાર્થક કરી કરૂણામય પક્ષી બચાવો અભિયાન તેમજ સ્વચ્છતાનું ઉમદા કાર્ય કર્યું છે. સ્કૂલ બોર્ડ દ્વારા બાળકોના શિક્ષણ માટે ઉમદા કાર્યો થઇ રહ્યા છે તે માટે હું ટીમ સ્કૂલ બોર્ડને આનંદની લાગણી સાથે બિરદાવું છું.

આ કાર્યક્રમ દરમ્યાન હાજર રહેલ મ્યુનિ. સ્કૂલ બોર્ડ ચેરમેન ડૉ. સુજયભાઈ મહેતાએ દરેક શાળાના કાર્યક્રમમાં શિક્ષકો, બાળકોનો ઉત્સાહ વધે તે પ્રકારનું માર્ગદર્શન આપ્યું હતું અને ધારાસભ્યશ્રી ડૉ.હર્ષદભાઇ પટેલ દ્વારા સતત પ્રેરણા, હૂંફ તેમજ સહકાર સતત મળી રહ્યા છે તે બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો..પક્ષી બચાવો કરૂણામય અભિયાન દરમ્યાન સાબરમતી વિધાનસભાના ધારાસભ્ય ડૉ.હર્ષદભાઇ પટેલ, સ્કૂલ બોર્ડ ચેરમેન ડૉ. સુજયભાઈ મહેતા, વોટર એન્ડ સુઅરેજ કમિટીના ડે.ચેરમેન ચેતનભાઈ પટેલ, સ્કૂલ બોર્ડ શાસનાધિકારી ડૉ. એલ. ડી. દેસાઈ, સાબરમતી, રાણીપ તથા ચાંદલોડિયા વોર્ડના, મ્યુનિ. કાઉન્સિલરો, મુખ્ય શિક્ષકો, શિક્ષકો, ત્રણે શાળાના બાળકો અને મોટી સંખ્યામાં વાલી ઉપસ્થિત રહ્યા હતા.

### નવા વાડજની પ્રથમ ઘટના

## મહાત્મા પાર્ક સોસાયટીનું થશે રિડેવલપમેન્ટ, ફોર્ચ્યુન-૯૪ આકાર લેશે




અમદાવાદ : અમદાવાદમાં અનેક સોસાયટીઓનું રિડેવલપમેન્ટ થઈ રહ્યું છે જેમાં જૂની સોસાયટીઓ પાડીને તેની જગ્યાએ નવી બિલ્ડિંગો બની રહી છે. તેમાં જૂની સોસાયટીના રહેવાસીઓને પણ ફાયદો છે કારણ કે તેમને નવું મકાન મળે છે, અને ડેવલપરને પણ ફાયદો થાય છે કારણ કે તે વધારે યુનિટ્સ ડેવલપ કરીને તેનું વેચાણ કરી શકે છે.ત્યારે શહેરના નવા વાડજ વિસ્તારમાં આવેલ સ્વામીનારાયણ મંદિર પાસે આવેલ મહાત્મા પાર્ક સોસાયટીમાં સભ્યો વચ્ચે સર્વસંમતિ સધાતા ટૂંક સમયમાં નવા નામ ફોર્ચ્યુન-૯૪ સાથે રિડેવલપમેન્ટ સ્કીમનો પ્રારંભ થનાર છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નવા વાડજમાં આવેલ ૪૨ વર્ષ જૂની મહાત્મા પાર્ક સોસાયટી પ્રથમ રિડેવલપમેન્ટ સ્કીમ બનવા જઈ રહી છે, રિડેવલપમેન્ટને લઈને તમામ સભ્યોમાં સર્વસંમતિ થતા મહાત્મા પાર્ક સોસાયટી હવે ડેવલપર ફોર્ચ્યુન ગ્રુપ દ્વારા ટૂંક સમયમાં નવા નામ સાથે ફોર્ચ્યુન-૯૪ (લકઝરીયસ ફ્લેટ) આકાર લેશે. નવા બનનાર ફ્લેટમાં લિફ, દરેક રહીશોને પોતાનું પાર્કિંગ તથા નવા રહીશોને ઈલોટેડ કાર પાર્કિંગ સહીત બે બેઝમેન્ટ પાર્કિંગ, બ્લૅક્વેટ હોલ, બાળકોને માટે ગાર્ડન, બાળકો માટે બોક્સ ક્રિકેટ, આધુનિક જીમ, ઈન્ડોર ગેમ ઝોન, નવા મકાન વધુ મોટા મળશે, નવી ૩૬ (૧૮ ૧૮) વિશાળ શો રૂમ અને લકઝરીયસ ઓફિસ બનશે, સોસાયટી રિડેવલપમેન્ટમાં જતા રહીશોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ફોર્ચ્યુન ગ્રુપના મેહુલ પટેલ જણાવ્યું કે અમે અહીં ૩ બીએચકેના ૯૪ યુનિટ લકઝરીયસ ફ્લેટ અને (૧૮ ૧૮) વિશાળ શો રમ અને લકઝરીયસ ઓફિસ બનાવવાની યોજના ધરાવીએ છીએ. કારણ કે હાલમાં સમગ્ર એરિયામાં પ્રીમિયમ કેટેગરીના મકાનોની ડિમાન્ડ છે. અમે ટૂંક સમયમાં ભુમીપુજન કરીને સ્કીમનો પ્રારંભ કરીશું.

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

### ઓલિમ્પિક પહેલા ગુજરાતના વિવિધ સ્થળોએ રમાશે કોમનવેલ્થ ગેમ્સ

# નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સહિત વિવિધ ગ્રાઉન્ડની પસંદગીની તૈયારીઓ..!?

**ગુજરાતનો ટ્રેક રેકોર્ડ**

- ★ કોલ્ડપ્લેનો સૌથી મોટો કોન્સર્ટ
- ★ આઈસીસી વર્લ્ડકપ ફાઈનલ
- ★ વૈશ્વિક નેતાઓનો મેળાવડો
- ★ ઓલિમ્પિકના બે-તૃતિયાંશનું કદ ધરાવતા નેશનલ ગેમ્સની યજમાની
- ★ ઈન્ડિયન વિમેન્સ ફૂટબોલ ટીમ
- ★ વર્લ્ડ ટેનિસ ફેડરેશનની એશીયન અંડર-૧૪ ટુર્નામેન્ટ
- ★ ફીફા અંડર ૧૭ વિમેન્સ વર્લ્ડકપ

**SVP એક્લેવ - એક્વેટિક્સ,બોક્સિંગ,બાસ્કેટબોલ, જિમ્નેસ્ટિક્સ, કબડ્ડી**
**કરાઈ સ્પોર્ટ્સ હબ - એથ્લેટિક્સ, ટ્રાયથલોન**
**નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ - બેડમિન્ટન, ટેબલ ટેનિસ, જુડો**
**સ્ટેચ્યુ ઓફ યુનિટી - બીચ વોલીબોલ, માઉન્ટેન સાયકલીંગ**
**નરેન્દ્ર મોદી સ્ટેડિયમ - ક્રિકેટ**
**IIT ગાંધીનગર - રોડ સાયકલિંગ, હોકી**
**ગુજરાત યુનિવર્સિટી - નેટબોલ, શૂટિંગ**
**ટ્રાન્સસ્ટેડિયા એકા એરેના - રગ્બી, ઇ-સ્પોર્ટ્સ, યોગ**
**મહાત્મા મંદિર - વેઈટ લિફ્ટિંગ, કુસ્તી**
**વિજય ભારત ફાઉન્ડેશન - તીરંદાજી**

ગાંધીનગર : ગુજરાત હાલ ઓલિમ્પિક માટે થનગનાટ કરી રહ્યું છે. અમદાવાદ વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરી શકે છે, પરંતુ તે પહેલા લોકોની નજર વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ પર ટકેલી છે. એક તરફ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે અમદાવાદ અને ગાંધીનગરમાં સ્પોર્ટ્સ વિલેજ બનાવવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ ગુજરાતમાં કઇ કોમનવેલ્થ ગેમ્સ ક્યાં રમાશે તે લગભગ નક્કી થઇ ગયું છે.

મીડિયા રિપોર્ટ્સથી પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં જ કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ ક્રિસ જેનકિન્સ સાથે મુખ્યમંત્રી કાર્યાલયમાં એક બેઠક યોજાઈ હતી જેમાં ભારતીય એથ્લેટિક્સ ફેડરેશનના અધિકારીઓ પણ હાજર હતા. રમત ગમત વિભાગનાં સૂત્રોએ કહ્યું કે, વિધીવત દાવો રજુ થયા બાદ ૧ એપ્રિલથી ૩૧ ઓગસ્ટ સુધી કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન દ્વારા સાઈટ વિઝીટ કરવામાં આવશે. નવેમ્બર ૨૦૨૫ સુધીમાં આખરી દાવો રજુ કરવાની પ્રક્રિયા છે.સુત્રોએ કહ્યું કે, માત્ર કોમનવેલ્થ ગેમ્સ જ નહિં ગુજરાત સરકાર અન્ય પણ અનેક સીંગલ કે મલ્ટી સ્પોર્ટસ ટુર્નામેન્ટનાં આયોજન માટે દાવા રજુ કરવાની તૈયારી કરી રહી છે.

કોમનવેલ્થ ગેમ્સ માટે ગુજરાતના જે સ્થળોની પસંદગી કરવામાં આવી છે તેમાં સમાવેશ થાય છે

SVP એક્લેવ - એક્વેટિક્સ, બોક્સિંગ, બાસ્કેટબોલ, જિમ્નેસ્ટિક્સ, કબડ્ડી
કરાઈ સ્પોર્ટ્સ હબ - એથ્લેટિક્સ, ટ્રાયથલોન
નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ - બેડમિન્ટન, ટેબલ ટેનિસ, જુડો
સ્ટેચ્યુ ઓફ યુનિટી - બીચ વોલીબોલ, માઉન્ટેન સાયકલીંગ
નરેન્દ્ર મોદી સ્ટેડિયમ - ક્રિકેટ
IIT ગાંધીનગર - રોડ સાયકલિંગ, હોકી
ગુજરાત યુનિવર્સિટી - નેટબોલ, શૂટિંગ
ટ્રાન્સસ્ટેડિયા એકા એરેના - રગ્બી, ઇ-સ્પોર્ટ્સ, યોગ
મહાત્મા મંદિર - વેઈટ લિફ્ટિંગ, કુસ્તી
વિજય ભારત ફાઉન્ડેશન - તીરંદાજી

જો કે, આ તમામ જગ્યાઓ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. એવું કહેવાય છે કે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે ગુજરાતમાં માત્ર તમામ આયોજનો અને તૈયારીઓ કરવામાં આવી રહી છે એટલું જ નહીં, ગુજરાત બીજી ઘણી બધી રમતોનું આયોજન કરવાની જવાબદારી પણ ઉઠાવવાની તૈયારી કરી રહ્યું છે. જેમાં એશિયન વેઈટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ અને એશિયન એક્વેટિક ચેમ્પિયનશિપ ૨૦૨૫, વર્લ્ડ કોમ્બેટ ગેમ્સ (૨૦૨૭, ૨૦૨૯), અંડર-૨૦ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૮, એશિયન યુથ ગેમ્સ ૨૦૩૩, વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સનો સમાવેશ થાય છે. અધિકારીઓનું કહેવું છે કે અમદાવાદ અને ગાંધીનગરની તમામ હોટલોમાં મળીને કુલ ૧૪,૧૯૨ રૂમ છે. તેથી, આ બે શહેરોને કેન્દ્ર બનાવીને તમામ રમતોનું આયોજન કરવાનું વિચારવામાં આવી રહ્યું છે.


### કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦, ઓલિમ્પિક-૨૦૩૬ને લઈને

## નારણપુરા-નવા વાડજ સહિતના વિસ્તારોમાં પ્રોપર્ટીના ભાવમાં ભારે ઉછાળો...!!

અમદાવાદ : ગુજરાત હાલ ઓલિમ્પિક માટે થનગનાટ કરી રહ્યું છે. જેને લઈને અમદાવાદના નારણપુરામાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ પણ યુદ્ધના ધોરણે તૈયાર થઈ રહ્યું છે, લગભગ ૯૦ ટકાથી વધુ કામ પુરુ થઈ ગયું છે, ત્યારે ઓલિમ્પિકની થનગનાટ વચ્ચે લોકોની નજર નજીકના વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ પર ટકેલી છે. એક તરફ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે અમદાવાદ અને ગાંધીનગરમાં સ્પોર્ટ્સ વિલેજ બનાવવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ ગુજરાતમાં કઇ કોમનવેલ્થ ગેમ્સ ક્યાં રમાશે તે લગભગ નક્કી થઇ ગયું છે.નારણપુરામાં વિસ્તારમાં હાઉસીંગ અને ખાનગી પ્રોપર્ટીના ભાવ ઉંચકાઈ રહ્યાં છે તેવું જાણકારોનું કહેવું છે. રિયલ એસ્ટેટ સાથે જોડાયેલ જાણકારના મત મુજબ, નારણપુરા, નવા વાડજના નજીકના વિસ્તારમાં એકતરફ રિડેવલપમેન્ટ ચાલી રહ્યું છે, જુના મકાનોની સામે નવા મકાનો મોટી સંખ્યામાં બની રહ્યા છે, ત્યારે નારણપુરામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ઓલિમ્પિક અને કોમનવેલ્થની ચર્ચાઓએ રિયલ એસ્ટેટ બજાર હોટ ફેવરીટ કર્યું છે, જેમાં નારણપુરા જ નહીં નજીકના તમામ વિસ્તારોમાં પ્રોપર્ટીના ભાવો ઉંચકાઈ રહ્યાં છે.

તેઓના મત મુજબ, રિડેવલપમેન્ટના કારણે હાઉસીંગના મકાનોની સાથે સાથે ખાનગી પ્રોપર્ટીના ભાવોમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે, કોરાનાકાળ દરમિયાન જે ફ્લેટ ૧૮થી ૨૦ લાખમાં લેવા કોઈ તૈયાર નહોતું, એવા ફ્લેટો ૪૫થી ૫૦ લાખમાં સૌદા થઈ રહ્યા છે... તમને જણાવી દઈએ કે નારણપુરામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન બેડમીન્ટન, ટેબલ ટેનીસ જુડો જેવી ગેમ્સ પસંદગી થઈ હોવાનું કેટલાક અહેવાલો જણાવી રહ્યાં છે,જો કે કાયદેસરની જાહેરાત થવાનું બાકી છે.

## મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાં ડ્રેસ કોડ લાગુ કરાયો



મુંબઈ : લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર એવા મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરની મુલાકાત લેવા માટે હવે તમારે તમારા કપડાંનું ધ્યાન રાખવું પડશે. કારણ કે મંદીર પ્રશાસને ભક્તો માટે ડ્રેસ કોડ લાગુ કર્યો છે.શ્રી સિદ્ધિવિનાયક ગણપતી મંદીર ટ્રસ્ટ એસએસટીટી એ જણાવ્યું મંદીર ટ્રસ્ટ ભક્તોએ યોગ્ય અને શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા પડશે. કાપેલા કે ફાટેલાં કાપડવાળા ટ્રાઉઝર ટુંકા સ્કર્ટ અથવા શરીરના ભાગો ખુલ્લા દેખાતા કપડાં પહેરેલા ભક્તોને મંદિરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહી. સિદ્ધિવિનાયક મંદીર ટ્રસ્ટે આ સંદર્ભમાં એક સત્તાવાર પત્ર જારી કર્યો છે. જેમાં જણાવાયું છે કે,ગણેશ ભક્તોએ ભારતીય પરંપરા મુજબ કપડાં પહેરવા જોઈએ જેથી અન્ય નાગરીકો સિદ્ધિવિનાયક મંદિરમાં જવા માટે શરમ ન અનુભવે. ભક્તોએ શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા જ જોઈએ. મંદીર ટ્રસ્ટે જણાવ્યું કે, મંદિરમાં દરરોજ હજારો ભક્તો આવે છે. અને ઘણા મુલાકાતીઓએ પુજા સ્થળ પર પહેરવામાં આવતા પોશાક અંગે ચિંતા વ્યક્ત કરી હતી જે તેમને અપમાનજનક લાગતું હતું. વારંવાર અયોગ્ય કપડાં અંગેની ઘણી વિનંતીને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અને તે બધા માટે ફરજીયાત રહેશે.

## હિન્દુ લગ્ન એક વર્ષમાં ભંગ ના કરી શકાય : હાઈકોર્ટ

અલ્હાબાદ : અલ્હાબાદ હાઈકોર્ટે હિન્દુ લગ્ન કાયદાને લઈને મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે કહ્યું છે કે, હિન્દુ લગ્ન એક પવિત્ર બંધન છે. લગ્ન થયાના એક જ વર્ષની અંદર હિન્દુ પતિ-પત્ની છૂટાછેડા ના લઈ શકે. પતિ-પત્ની બંને છૂટાછેડા માટે સંમત હોય, તો પણ કાયદો એક વર્ષમાં છૂટાછેડાને મંજૂરી નથી આપતો. આવા મામલામાં જો સ્થિતિ અસાધારણ અને મુશ્કેલ હોય તો જ તે છૂટાછેડા મંજૂર કરી શકાય. રિશીકા ગૌતમ અને નિશાંત ભારદ્વાજ નામના દંપતિએ લગ્ન કર્યાના એક જ વર્ષમાં ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની અરજી કરી હતી. તે બંને પરસ્પરની સંમતિથી છૂટા પડવા માંગતા હતા. જો કે, ફેમિલી કોર્ટે એમ કહીને આ છૂટાછેડા આપવાની ના પાડી કે, હિન્દુ લગ્ન કાયદો ૧૯૫૫ હેઠળ એક વર્ષની અંદર છૂટાછેડાની મંજૂરી નથી. આ માટે અસાધારણ સંજોગો હોવા જરૂરી છે. આ મામલો ઉત્તર પ્રદેશના સહારનપુરનો હતો. સહારનપુર ફેમેલી કોર્ટના ચુકાદાને બાદમાં પતિ- પત્ની દ્વારા અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જો કે હાઈકોર્ટે પણ ફેમેલી કોર્ટના નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો. સહારનપુર ફેમિલી કોર્ટના આ ચુકાદાને આ દંપત્તિએ અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.


Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC
ડ્રાઈવીંગ લાયસન્સ | ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## અમિત શાહની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક

# ગુજરાતની કાયદા વ્યવસ્થા અંગે કરવામાં આવ્યા વખાણ

નવી દિલ્હીઃ ત્રણ નવા ફોજદારી કાયદાઓના ગુજરાતમાં અમલીકરણ અંગેની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં પોલીસ, જેલ, કોર્ટ, પ્રોસિક્યુશન અને ફોરેન્સિક સંબંધિત વિવિધ નવી જોગવાઈઓના ગુજરાતમાં અમલીકરણ તેમજ વર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આ સમીક્ષા બેઠકની ચર્ચાઓમાં સ્પષ્ટપણે કહ્યું કે, "ત્રણ નવા ફોજદારી કાયદાઓમાં કોઈપણ કેસમાં ફ્રૈંઈથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ત્રણ વર્ષમાં ન્યાય અપાવવાની જોગવાઈઓ એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશમાં લાવવામાં આવેલા આ ત્રણ નવા કાયદાઓનો આત્મા છે."

અમિત શાહે ગુજરાત સરકાર દ્વારા આ ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ માટે થયેલી કાર્યવાહીની સમીક્ષા કરતાં જણાવ્યું કે, આગામી ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં બધા જ કમિશનરેટમાં આ નવા કાયદાઓનું ૧૦૦ ટકા અમલીકરણ સુનિશ્ચિત થવું જોઈએ.

તેમણે કહ્યું કે, "આ સંદર્ભમાં મુખ્યમંત્રી દ્વારા દર મહિને, ગૃહ રાજ્ય મંત્રી દ્વારા દર પંદર દિવસે તથા મુખ્ય સચિવ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશક સ્તરે સાપ્તાહિક સમીક્ષા થાય તે જરૂરી છે."

કેન્દ્રીય ગૃહ મંત્રીએ ગુજરાતમાં ૧૦ વર્ષથી વધુ સમયની સજાવાળા કેસોમાં ૯૨ ટકાથી વધુ ચાર્જશીટ સમયસર દાખલ કરવાનું જે કાર્ય થયું છે તેની



પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે, બાકી રહેલા કેસોમાં કોર્ટની અનુમતિ લઈને જોગવાઈઓનો ઉપયોગ કરવા માટેની સમીક્ષા પણ થવી જોઈએ.

અમિત શાહે ગુજરાતમાં ઝીરો એફ.આઈ.આર.ને ૧૦૦ ટકા ફ્રૈંઈમાં બદલવાના કાર્યની સરાહના કરતાં કહ્યું કે, "એવી વ્યવસ્થા ઊભી થવી જોઈએ જેમાં ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ(CCTNS) દ્વારા બે રાજ્યો વચ્ચે એફ.આઈ.આર. ટ્રાન્સફર થઈ શકે." તેમણે ગુજરાત CCTNS ૨.૦ અપનાવે તેવી પણ હિમાયત કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીએ નવા ફોજદારી કાયદાઓમાં ઈલેક્ટ્રોનિક્સ એવિડન્સની જોગવાઈઓના ઉચિત અમલીકરણ માટે ગૃહ વિભાગ અને આરોગ્ય વિભાગ સંકલન બેઠકો યોજીને પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સ સહિત અન્ય મેડિકલ રિપોર્ટ્સ ઈલેક્ટ્રોનિક્સ સ્વરૂપે મળે તેના પર વિશેષ ભાર મૂક્યો હતો.

અમિત શાહે જેલ, સરકારી હોસ્પિટલો, બેંક, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી વગેરેમાં પણ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી એવિડન્સ દાખલ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ એમ જણાવતા ઉમેર્યું કે, "રાજ્યની જેલોમાં દરેક ન્યાયાલય માટે એક વિડિયો કોન્ફરન્સિંગ ક્યુબિકલ હોવું જોઈએ."

કેન્દ્રીય ગૃહ મંત્રીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે, "પોલીસે પૂછપરછ માટે અટકાયતમાં લીધેલા લોકો, જપ્તા યાદી અને કોર્ટમાં મોકલવામાં આવેલા કેસો સહિતની માહિતી ઈલેક્ટ્રોનિક ડેશબોર્ડ પર પૂરી પાડવી જોઈએ." તેમણે રાજ્યના પોલીસ મહાનિદેશકને આવા કેસોનું સતત મોનિટરિંગ કરવા સૂચન ઉપરાંત પોલીસ સ્ટેશનોમાં નેટવર્ક કનેક્ટિવિટી સ્પીડ નિર્ધારિત ધારાધોરણો કરતાં વધુ રાખવા પણ સૂચવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, "સંગઠિત ગુનાખોરી, આતંકવાદ અને મોબ લિંચિંગની જોગવાઈઓનો દુરુપયોગ ન થાય તેની ખાતરી કરી શકાય તે માટે રાજ્ય સરકારે એક પરિપત્ર જાહેર કરવો જોઈએ."





